# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી ભુજ

**Date: 03-07-2026  Day: Friday  Evening: 6.25 to 6.30 pm**

**આકાશવાણી ભુજ સમાચાર અશરફ નથવાણી વાંચે છે.**

---

## આવતીકાલે પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના સાણંદમાં અત્યાધુનિક મેગા OSAT ફેસિલીટીનું લોકાર્પણ કરશે.**

**આ અંગે રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, આ પ્રોજેક્ટથી એક ઉધોગ નહીં, પરંતુ હાઈટેક ઉત્પાદન, અધતન એન્જિનિયરિંગ, વૈશ્વિક પૂરવઠા શ્રૃંખલાની તકના નવા યુગનો પ્રારંભ થશે.**

--------------------------------------------------------------------------------

## વરસાદની ઘટ

**ભારતીય હવામાન વિભાગના 1 જૂન થી 2 જુલાઈ સુધીના દેશવ્યાપી વરસાદના સત્તાવાર આંકડાઓમાં ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. આ આંકડાઓ મુજબ, આખા ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 126.2 મીમી વરસાદ પડવો જોઈતો હતો, પરંતુ તેની સામે માત્ર 38.1 મીલીમીટર વરસાદ નોંધાયો છે, એટલે કે 70% ની સીધી ઘટ છે. દેશમાં સૌથી ઓછો વરસાદ ધરાવતા 10 જિલ્લાઓની યાદીમાં સૌથી પહેલા ત્રણ નામ ગુજરાતના છે, જેમાં કચ્છ, મોરબી અને દેવભૂમિ દ્વારકાનો સમાવેશ થાય છે.**

**કચ્છમાં આ 32 દિવસના લાંબા સમયગાળામાં સામાન્ય રીતે 56.6 મીમી વરસાદની અપેક્ષા હોય છે, જેની સામે આ નહિવત 0.9 મીમી વરસાદ નોંધાયો છે.**

**ડેટા મુજબ, આખા સૌરાષ્ટ્ર અને કચ્છની વાત કરીએ તો સરેરાશ 105.6 મીમીની સામે 81% ઘટ સાથે માત્ર 20.6 મીમી વરસાદ પડ્યો છે.**

--------------------------------------------------------------------------------

## પુરક પરિક્ષાનું પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પુરક પરિક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

ધોરણ ૧૦ની પુરક પરિક્ષામાં ૯૩ ,૩ ૨૧ માંથી 30,845 પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયા છે એટલે કે, સમગ્ર રાજ્યનું પરિણામ 33.05 ટકા આવ્યું છે.

જયારે, ધોરણ ૧ ૨ વિજ્ઞાન પ્રવાહની પૂરકનું 27.36 ટકા પરિણામ આવ્યું છે.  પરીક્ષા આપનાર 16,120 પરીક્ષાર્થીઓમાંથી 4,411 ઉમેદવારો પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થાય છે.

---------------------------------------------------------------------------------------

## GCAS-પ્રવેશ પ્રક્રિયા

કચ્છ સહિત રાજ્યની સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં સ્નાતક કક્ષાના પ્રવેશ માટે GCAS અંતર્ગત મહત્વનો નિર્ણય લેવાયો છે. ચાર પ્રવેશ રાઉન્ડ પૂર્ણ થયા બાદ હવે VSBC રાઉન્ડ જાહેર કરાયો છે. એટલે કે, આ રાઉન્ડમાં અગાઉની જેમ GCAS દ્વારા કેન્દ્રીય મેરીટ લિસ્ટ જાહેર નહીં કરવામાં આવે, પરંતુ ખાલી બેઠકોના આધારે સંબંધિત કોલેજો અને યુનિવર્સિટીઓ જ વિધાર્થીઓને મેરીટ મુજબ સીધા જ પ્રવેશ આપશે.

આ નવા નિર્ણયથી જે વિધાર્થીઓ GCAS પર નોંધણી કરાવી ચૂક્યા છે પરંતુ હજુ સુધી પ્રવેશથી વંચિત રહ્યા છે, તેઓને ખાલી બેઠકોના આધારે સીધો લાભ મળશે.

દરમ્યાન, પૂરક પરીક્ષાના પરિણામ બાદ પાસ થયેલા વિધાર્થીઓ પણ GCAS પર નોંધણી કરીને VSBC રાઉન્ડમાં ભાગ લઈ શકશે, જેના કારણે મોટી સંખ્યામાં વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશની નવી તક મળશે.

ઉલ્લેખનીય છે કે, કચ્છ યુનિવર્સિટી સંલગ્ન 52 કોલેજોમાં સ્નાતક કક્ષાની અંદાજે 12,500 બેઠકો ઉપલબ્ધ છે જેમાં 10,600 વિધાર્થીઓએ ઓનલાઇન નોંધણી કરાવી હતી. ચારેય પ્રવેશ રાઉન્ડ પૂર્ણ થતા 7 હજાર વિધાર્થીઓએ ફી ભરીને પોતાના પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. હવે નવો રાઉન્ડ જાહેર થતાં આ સંખ્યામાં વધારો થશે.

---------------------------------------------------------------------------------------

## મહેસૂલી તલાટીઓને નિમણૂક પત્રો એનાયત

જિલ્લામાં લાંબા સમયથી ખાલી પડેલી મહેસૂલી તલાટીઓની જગ્યાઓ આખરે ભરાઈ જતાં ગ્રામીણ વહીવટી માળખાને મજબૂતી મળવાની આશા સેવાઈ રહી છે.

રાજ્ય સરકારની ભરતી પ્રક્રિયા અંતર્ગત કચ્છ જિલ્લાને કુલ 130 મહેસૂલી તલાટીઓની ફાળવણી કરવામાં આવી હતી, જે પૈકીની વહીવટી તપાસ બાદ અંતિમ ચરણમાં સંપૂર્ણ યોગ્ય ઠરેલા કુલ 121 મહેસૂલી તલાટીઓને સત્તાવાર રીતે નિમણૂક પત્ર એનાયત કરી દેવામાં આવ્યા છે.

કુલ ઉમેદવારો પૈકી 7 નવનિયુક્ત મહેસૂલી તલાટીઓને ગાંધીનગર ટાઉન હોલ ખાતે પ્રત્યક્ષ રીતે મુખ્યમંત્રીના હસ્તે નિમણૂક પત્રો એનાયત કરાયા હતા, જ્યારે ગાંધીનગર ખાતે હાજર રહેલા ઉમેદવારો સિવાયના અન્ય તમામ બાકી રહેતા નવનિયુક્ત ઉમેદવારો જિલ્લા કલેકટર કચેરી ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમમાં સીધા જોડાયા હતા, જ્યાં કલેક્ટરના હસ્તે તેમને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## તાલુકા મથકોએ જમીન દફતર ખાતાની 11 નવી કચેરીઓ

જમીન માપણી કે મોજણીનની કામગીરીને વધુ સુદ્રઢ અને પ્રજાલક્ષી બનાવવા માટે જિલ્લાના તમામ તાલુકા મથકોએ જમીન દફતર ખાતાની 11 નવી કચેરીઓનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવીન વ્યવસ્થાથી સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ અને જમીન સંબંધી જટિલ પ્રશ્નોનું નાગરિકો તથા ખેડૂતો જીલ્લા મથક સુધી આવવાને બદલે સ્થાનિક સ્તરે જ આયોજનબદ્ધ રીતે ઝડપી નિરાકરણ લાવી શકશે. આ કચેરીઓ આગામી સમયમાં જમીન સંપાદન, રી-સર્વે અને માપણીના પ્રશ્નો ઉકેલવામાં સીમાચિહ્રરૂપ સાબિત થશે.

-----------------------------------------------------------------------------------------

## આરોગ્ય કેમ્પો

હાજીપીર સ્થિત આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્માન ભારત કાર્ડ નોંધણી અને બિનચેપી રોગોના સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

**આ કેમ્પ દરમિયાન કુલ 52 પાત્ર લાભાર્થીઓના આયુષ્માન ભારત કાર્ડ બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ઉપસ્થિત નાગરિકોનું બ્લડ પ્રેશર, બ્લડ સુગર અને અન્ય બિનચેપી રોગો માટે આરોગ્ય તપાસ પણ કરવામાં આવી હતી. તપાસ બાદ, જરૂરી આરોગ્ય પરામર્શ અને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.**

**દહીસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત નારાણપર ગામની વિવિધ શાળાઓમાં વિધાર્થીઓ માટે આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 143 વિધાર્થીઓને TD અને DPT રસી આપવામાં આવી હતી. જ્યારે 96 વિધાર્થીઓનું 4D સ્ક્રીનિંગ અને HB ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.**

**------------------------------------------------------------------------------------**